


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 046
Dt.: 20-12-2025, Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com





### ગુજરાતમાં ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો નોંધાયા, ૭૩ લાખ કપાયા

# ગુજરાતની નવી SIR-2026ની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થઈ

## મેપિંગ ન થયેલ મતદારોને સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટીસ આપવામાં આવશે: નોટીસ પ્રાપ્ત કરનાર મતદારોએ પુરાવા રજૂ કરવાના રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં **SIR** ની પ્રક્રિયા બાદ ડ્રાફ્ટ યાદી જાહેર થઈ છે. જેમાં ગુજરાતમાં કુલ કેટલા મતદારો છે, કેટલા મતદારોના નામ કપાયા છે, તેમજ કેટલા ડુપ્લીકેટ મતદારો હતા તે તમામ માહિતી સામે આવી ગઈ છે. યાદી મુજબ ગુજરાતાં કુલ ૪ કરોડ ૩૪ લાખ મતદારોની નોંધણી થઈ છે. ગુજરાતની મતદાર શુદ્ધિકરણ ડ્રાફ્ટ યાદી આખરે જાહેર થઈ ગઈ છે. ડ્રાફ્ટ મતદાર યાદી મુજબ ગુજરાતમાં ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો નોંધાયા છે. મતદાર શુદ્ધિકરણ પ્રક્રિયા દરમિયાન ૭૩,૭૩,૩૨૭ મતદાર નીકળી ગયા છે. તો ૧૮,૦૭,૨૭૮ મૃત્યુ પામેલા મતદારો યાદીમાંથી દૂર થયા છે. આ ઉપરાંત ૪૦,૨૫,૫૫૩ મતદારો કાયમી સ્થળાંતર કરેલા નીકળ્યા છે. ૩,૮૧,૪૭૦ મતદારો ડુપ્લીકેટ હતા, જેને દૂર કરાયા છે. ૯,૬૯,૬૬૨ મતદારો તેમના સરનામે મળી આવ્યા નથી. તો ૧,૮૯,૩૬૪ મતદારોનો અન્ય કારણોસર યાદીમાં સમાવેશ થયો નથી. ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો નોંધાયા. ૨,૨૪,૪૯,૧૭૦ પુરુષ મતદાર નોંધાયા. ૨,૧૦,૧૯,૮૭૬ મહિલા મતદારો નોંધાયા. ૧૦૬૩ થર્ડ જેન્ડર મતદારો નોંધાયા.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મતદાર યાદીમાં ૫,૦૮,૪૩,૨૧૯ મતદારો નોંધાયા હતા. જેમાં ગુજરાત રાજ્યમાં ૭૩,૭૩,૧૧૦ મતદારો ઓછા થયા છે. આ આંકડો ગુજરાતના એક મેગા સિટીની વસ્તી જેટલો છે.

ડ્રાફ્ટ મતદાર યાદીમાં તમારૂ નામ છે કે નહીં તે ચેક કરી શકો છો. ડ્રાફ્ટ મતદાર યાદીમાં કોઈ મતદારનું નામ ન હોય અને તેની સામે વાંધો રજૂ કરવાનો હોય તો મતદાર ૧૮મી જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે. ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં નવેમ્બર મહિનાથી મતદાર યાદી શુદ્ધિકરણ ઝુંબેશ એટલે કે **SIR** પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન ડુપ્લીકેટ, મૃત્યુ પામેલા લોકો અને કાયમી સ્થાળાંતર કરી ગયેલા લોકોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. તેવામાં તમારૂ નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં ન હોય તો તમારે આ રીતે આગળ કાર્યવાહી કરવાની રહેશે.

આગામી સમયગાળામાં તા. ૧૯/૧૨/૨૦૨૫ (શુક્રવાર) થી તા. ૧૦/૦૨/૨૦૨૬ (મંગળવાર) દરમિયાન રાજ્યમાં મેપિંગ ન થયેલ મતદારોને સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટીસ આપવામાં આવશે. નોટીસ બાદ સુનાવણી અને ચકાસણી પૂર્ણ થયા પછી તમામ લાયક મતદારોનો સમાવેશ તા. ૧૭/૦૨/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ થનાર આખરી મતદાર યાદીમાં કરવામાં આવશે. નોટીસ પ્રાપ્ત કરનાર મતદારોએ નોટીસમાં દર્શાવેલા પુરાવા સુનાવણી દરમિયાન રજૂ કરવાના રહેશે. મતદાર યાદી સંદર્ભે હક્ક દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવા માટેનો સમયગાળો તા. ૧૯/૧૨/૨૦૨૫ (શુક્રવાર) થી તા. ૧૮/૦૧/૨૦૨૬ (રવિવાર) સુધી રહેશે. નોંધનીય છે કે, ૨૭મી ઓક્ટોબરે **SIR** અભિયાનનો પ્રારંભ કરાયો હતો. આ મતદાર યાદી સુધારણા કામગીરી વિવાદમાં સપડાઈ હતી કેમકે, વધુ પડતાં કામના બોજને પગલે પાંચેક બુથ લેવલ ઓફિસરના મૃત્યુ થયા હતાં જેના કારણે હોબાળો મચ્યો હતો. એટલુ જ નહીં, રાજ્ય ચૂંટણી પંચ પર માછલા ધોવાયા હતાં.

રાજયમાં કુલ ૫.૦૮ કરોડ મતદારોને ફોર્મ વહેચવામાં આવ્યા હતાં જે પૈકી અત્યાર સુધીમાં કુલ ૪.૩૪ કરોડ ફોર્મ પરત મળ્યાં છે. પણ હજુ સુધી ૪૪.૪૫ લાખ મતદારોનું મેપિગ થઈ શક્યુ નથી. મતદાર યાદીમાં નામ ન હોય તેઓ પુરાવા સાથે ફોર્મ-૬ ભરી શકશે. સાથે સાથે ૧૯મી ડિસેમ્બરથી માંડીને ૧૮મી જાન્યુઆરી સુધી મતદારો રાજ્ય ચૂંટણીપંચ સમક્ષ વાંધો પણ રજૂ કરી શકશે.

### ૩૦ ધારાસભ્યો ડિનર માટે ભેગા થતાં અટકળો તેજ

# કોંગ્રેસમાં ફરી મુખ્યમંત્રીની ખુરશી માટે ખેંચતાણ જારી!

## એન.રાજન્નાએ પુષ્ટિ કરી છે કે, બેઠકમાં પાર્ટીની રણનીતિ અને નેતૃત્વ મામલે ચર્ચા કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટકમાં સત્તાધારી પાર્ટી કોંગ્રેસમાં મુખ્યમંત્રી બદલવાની અટકળો ફરી શરૂ થઈ છે. રિપોર્ટ મુજબ બેલગાવીમાં વરિષ્ઠ લોક નિર્માણ મંત્રી સતીશ જારકીહોલી દ્વારા બુધવારે (૧૮ ડિસેમ્બર) રાત્રે રાત્રિ ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનું સમર્થન કરનારા ધારાસભ્યો સામેલ થયા હતા. આ સમારોહમાં મુખ્યમંત્રીના પુત્ર અને વિધાન પરિષદ સભ્ય યતીન્દ્ર સિદ્ધારમૈયા તથા ધારાસભ્ય એન.રાજન્ના સહિત ૩૦થી વધુ ધારાસભ્યો સામેલ થયા હતા. જ્યારે સીએમનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હોવાના કારણે તેઓ આવી શક્યા ન હતા.

રિપોર્ટ મુજબ, બેલગાવીમાં યોજાઈ રહેલા વિધાનસભા શિયાળુ સત્રનો આજે છેલ્લો દિવસ છે, ત્યારે મંત્રી સતીષે સામાન્ય સામાજિક આયોજનના ભાગરુપે ભોજન સમારંભનું આયોજન કર્યું હોવાનું જણાવ્યું છે. જોકે બીજીતરફ તેમાં સામેલ થનાર ઘણા ધારાસભ્યોએ બેઠકમાં રાજકીય મુદ્દે ચર્ચા થઈ હોવાના સંકેત આપ્યા છે.

મુખ્યમંત્રીના નજીકના ગણાતા એન.રાજન્નાએ પુષ્ટિ કરી છે કે, બેઠકમાં પાર્ટીની રણનીતિ અને નેતૃત્વ મામલે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે ૨ ડિસેમ્બરે સવારે શિવકુમારના નિવાસસ્થાને એક બ્રેકફાસ્ટ મીટિંગ યોજીને પોતાની સંપૂર્ણ એકતાનો સંદેશ આપ્યો છે. લગભગ દોઢ કલાક સુધી ચાલેલી આ મુલાકાત બાદ બંને દિગ્ગજ નેતાઓએ સંયુક્ત રીતે મીડિયા સાથે વાત કરી હતી અને જણાવ્યું હતું કે, તેઓ તમામ મુદ્દાઓ પર એકજૂટ છે.

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, 'શિવકુમાર અને હું ભાઈ જેવા છીએ અને અમે પાર્ટી માટે મળીને કામ કરી રહ્યા છીએ. જ્યારે પણ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને હાઈકમાન્ડ નક્કી કરશે, ત્યારે શિવકુમાર મુખ્યમંત્રી બનશે.

મંગળવારે હું શિવકુમારના ઘરે બ્રેકફાસ્ટ માટે ગયો હતો, તે પહેલા શિવકુમાર મારા ઘરે આવ્યા હતા અને તેમના ઘરે આવવા માટે આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ અમે બેઠક યોજી છે.'

બીજીતરફ કોંગ્રેસના રામનગરના ધારાસભ્ય એચ.એ.ઈકબાલ હુસૈને કહ્યું છે કે, નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર ૬ જાન્યુઆરીએ મુખ્યમંત્રી બનશે. સિદ્ધારમૈયાએ શિવકુમાર માટે મુખ્યમંત્રી પદ છોડવું જોઈએ. ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રી બનવાની તક આપવી જોઈએ. ૯૯ ટકા શક્યતા છે કે, ડી.કે. શિવકુમાર ૬ જાન્યુઆરીએ મુખ્યમંત્રી બનશે. આમ ૬ કે ૯ જાન્યુઆરી આ બે તારીખો છે.'

# રશિયન દળોમાં કામ કરતા ૨૬ ભારતીયોનાં મોત થયાં છે: કેન્દ્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયન સશસ્ત્ર દળોમાં કામ કરી રહેલા ૨૬ ભારતીયોના મોત થયાની માહિતી મળી છે, જ્યારે રશિયન પક્ષે સાત ભારતીયોને લાપતા જાહેર કર્યા છે, એવી માહિતી સરકારે ગુરુવારે સંસદને આપી. રાજ્યસભામાં પૂછાયેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું કે ૫૦ વ્યક્તિઓને વહેલી તકે મુક્ત કરાવવા માટે પ્રયાસો ચાલુ છે.

મંત્રીએ જણાવ્યું કે વિદેશ મંત્રાલયે માર્યા ગયેલાં ૧૦ ભારતીય નાગરિકોના પાર્થિવ દેહને ભારત પરત લાવવામાં સહાય પૂરી પાડી છે તેમજ બે મૃત ભારતીય નાગરિકોના સ્થાનિક અગ્નિ સંસ્કાર કરાયા છે. તેમણે ઉમેર્યું હતું કે, "મૃતક અથવા લાપતા હોવાનું જણાવાયેલા ૧૮ ભારતીયોના પરિવારજનોના ડીએનએ નમૂનાઓ રશિયન અધિકારીઓને મોકલાયા છે.વિદેશ મંત્રાલયને ૨૦૨૨થી અત્યાર સુધી રશિયન સેનામાં ગેરકાયદેસર રીતે કામ કરતા અથવા મજબૂર ભારતીય નાગરિકોની સંખ્યા તેમજ મોત કે લાપતા થયેલ લોકોની સંખ્યા અંગે પૂછવામાં આવ્યું હતું. સરકારને આ બાબત અંગે પણ પૂછવામાં આવ્યું હતું કે હાલ કેટલા ભારતીય નાગરિકો રશિયન સેનામાં કામ કરી રહ્યા હોવાનું અનુમાન છે.રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા કોઈ ભારતીયોના પાર્થિવ દેહો હજુ ભારત પરત લાવવામાં બાકી છે કે નહીં અને જો હાં, તો વિલંબના કારણો શું છે.






### 'લકઝરી પિટિશન'

# પેકેજડ વોટરની ગુણવત્તા અંગેની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી

## લોકો પાસે પીવાનું પાણી નથી, ત્યારે ગુણવત્તા પછીનો મુદ્દો છે: સર્વોચ્ચ અદાલતની ટિપ્પણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



પેકેજડ ડ્રિંકિંગ વોટર માટે આંતરરાષ્ટ્રીય ધોરણો લાગુ કરવાની માંગ કરતી જાહેર હિતની અરજી (પીઆઈએલ)ને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે દેશની ઘણી વસતિને હજુ પીવાના પાણીની મૂળભૂત સુવિધા મળતી નથી, ત્યારે આ એક 'લકઝરી પિટિશન' છે.સુનાવણીની શરૂઆતમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે આ અરજીના મૂળ આધાર પર જ પ્રશ્ન ઉઠાવતાં જણાવ્યું હતું કે આ દેશમાં પીવાનું પાણી ક્યાં છે, મેડમ? લોકો પાસે પીવાનું પાણી નથી, ત્યારે બોટલમાં રહેલા પાણીની ગુણવત્તા પછીથી નક્કી થશે. કોર્ટ દેશની વ્યાપક વાસ્તવિકતાઓને નજરઅંદાજ કરી શકે નહીં.સારંગ વામન યાદવડકરે દાખલ કરેલી પીઆઈએલમાં વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નિર્ધારિત વૈશ્વિક ધોરણો સહિત આંતરરાષ્ટ્રીય ધોરણે મુજબ ભારતમાં પણ પેકેજડ ડ્રિંકિંગ વોટર માટે નિયમો બનાવવાની માગણી કરાઈ હતી.અરજદારના વરિષ્ઠ વકીલ અનિતા શેનોયે જણાવ્યું હતું કે આ મુદ્દો સીધી રીતે જાહેર આરોગ્ય અને ગ્રાહક સુરક્ષા સાથે જોડાયેલો છે. નાગરિકોને સ્વચ્છ અને સલામત પેકેજડ પીવાના પાણીનો હક છે.જોકે આ દલીલથી સુપ્રીમ કોર્ટ સંતુષ્ઠ થઈ ન હતી અને આ અરજીને શહેરી-કેન્દ્રિત અભિગમનું પ્રતિબિંબ ગણાવી હતી. CJIએ કહ્યું હતું કે આ એક શહેરી-કેન્દ્રિત અભિગમ છે. ગ્રામીણ વિસ્તારોના લોકો ભૂગર્ભજળ પીવે છે અને તેમને કંઈ થતું નથી. શું તમને લાગે છે કે આપણે યુએસએ, જાપાન, યુરોપિયન યુનિયનની માર્ગદર્શિકાનો અમલ કરી શકીશું? ગરીબોના હકનો મુદ્દો કોઈ ઉઠાવતું નથી. આ અમીરનો અર્બન ફોબિયા છે.

સર્વોચ્ચ અદાલતની આવી આકરી ટીપ્પણી પછી અરજદારના વકીલે અરજી પાછી ખેંચી લેવાની પરવાનગી માગી હતી.સુનાવણીના અંતમાં CJI સલાહ આપી હતી કે ગાંધીજી ભારત પર આવ્યાં ત્યારે તેમણે દેશના તમામ વિસ્તારોનો પ્રવાસ કર્યો હતો. અરજદારને ગરીબ વિસ્તારોમાં મુસાફરી કરવા કહો, જ્યાં પાણી મેળવવામાં પણ મુશ્કેલી પડે છે, પછી તે સમજી શકશે કે ભારત શું છે.

# તંત્રી લેખ......

## રાહુલની મર્યાદાઓ, પ્રિયંકાની ક્ષમતા

વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ પર સંસદીય ચર્ચા દરમિયાન, બે ભાષણોએ ખૂબ ધ્યાન ખેંચ્યું. એક વડા પ્રધાન મોદીનું હતું, જેમણે કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. બીજું કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાનું હતું. પ્રિયંકાએ મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું હતું, પરંતુ તેમની અસર કોંગ્રેસના આંતરિક રાજકારણમાં પણ દેખાવા લાગી છે.

ગૃહના નેતા તરીકે, વડા પ્રધાને વંદે માતરમ પર ચર્ચા શરૂ કરી હતી. જ્યારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પાસેથી અપેક્ષા રાખવામાં આવી હતી, ત્યારે પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસ પક્ષ વતી આગેવાની લીધી હતી. આવું કેમ થયું તે ફક્ત કોંગ્રેસ જ સમજાવી શકે છે. જોકે, મોદીની વક્તૃત્વ કુશળતાની પ્રશંસા કરતી વખતે, પ્રિયંકા શાસક પક્ષ સામે રમૂજ અને કટાક્ષ સાથે, તેમના દલીલો અને તથ્યોથી ગૃહને પ્રભાવિત કરવામાં સફળ રહી હોય તેવું લાગતું હતું.રાહુલ ગાંધીએ પણ બોલ્યા, પરંતુ ચૂંટણી સુધારા પર ચર્ચામાં. તેમણે મુખ્યત્વે મત ચોરીના તેમના અગાઉના આરોપોનો પુનરાવર્તિત કર્યો. તેમના ભાષણમાં નવા તથ્યો અને દલીલોનો અભાવ હતો, ન તો પ્રિયંકામાં આક્રમક બન્યા વિના શાસક પક્ષને પડકારવાની ક્ષમતા.

રાહુલ ફક્ત મત ચોરીના જૂના આરોપોનું પુનરાવર્તન કરી રહ્યા હતા, જ્યારે પ્રિયંકા વંદે માતરમ વિવાદના તમામ પાસાઓ પર તૈયાર હતા. તથ્યો અને તર્ક સાથે પોતાના વિચારો રજૂ કરવા એ સંસદીય ચર્ચાની અસરકારક શૈલી છે. પ્રિયંકાએ આ અસરકારક શૈલીનું પ્રદર્શન કર્યું. કદાચ આ જ કારણે કોંગ્રેસ પાર્ટીમાં રાહુલ ગાંધી સાથે તેમની સરખામણી કરવાની ચર્ચાઓ ફરી એકવાર વેગ પકડી રહી છે.

ઓડિશાના ભૂતપૂર્વ ધારાસભ્ય મોહમ્મદ મોકિમે, ઉંમરનો હવાલો આપીને માંગ કરી હતી કે મલ્લિકાર્જુન ખડગેને હટાવવામાં આવે અને પ્રિયંકા ગાંધીને નવા કોંગ્રેસ પ્રમુખ બનાવવામાં આવે. તેમણે રાહુલ ગાંધી પર પણ આડકતરી રીતે નિશાન સાધ્યું, જેના કારણે કોંગ્રેસ તેમને હાંકી કાઢે. જ્યારે ભાજપ ટીમ રાહુલ અને ટીમ પ્રિયંકા વચ્ચે કથિત અણબનાવની અફવાઓને વેગ આપી રહ્યું છે તેના રાજકીય પરિણામો હોઈ શકે છે, તે નિર્વિવાદ છે કે બંનેની પોતાની ટીમો અને દેશ અને રાજ્યમાં તેમના પોતાના મનપસંદ નેતાઓ છે.

ઘણી ઘટનાઓ સૂચવે છે કે રાહુલ અને પ્રિયંકા કોંગ્રેસ પાર્ટીમાં સત્તાના બે કેન્દ્ર બની ગયા છે. એવું માનવામાં આવે છે કે સોનિયા ગાંધીએ પ્રિયંકાને પડદા પાછળ રાખી હતી જેથી રાહુલને તેમના ઉત્તરાધિકારી તરીકે સ્થાપિત કરી શકાય અને પાર્ટીમાં બે શક્તિ કેન્દ્રોથી બચી શકાય. સોનિયા અને રાહુલ બંને મતવિસ્તારોમાં પ્રચાર અને સંચાલન સંભાળી ચૂકેલી પ્રિયંકાને રાષ્ટ્રીય મહાસચિવ અને ઉત્તર પ્રદેશના પ્રભારી બનવા માટે લાંબો સમય રાહ જોવી પડી. અલબત્ત, પ્રિયંકાની પ્રચાર વ્યૂહરચના, "હું એક છોકરી છું, હું લડી શકું છું" ના સૂત્ર સાથે, ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં સફળ થઈ શકી નહીં. તેમ છતાં, ગયા વર્ષે રાયબરેલીથી પણ જીતેલા રાહુલ દ્વારા ખાલી કરાયેલી વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે તેમની ઉમેદવારી, એક મહિલાની જરૂરિયાતનો સંકેત આપે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૭૭ લપસ્યોઃ સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૫૮૨.૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૭૯૮૩.૨૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૪૨૮.૨૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૩૦૧૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૪૫૯૯.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૫૮૨.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૭૯૮૩.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૩૦૧૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૨૦.૦૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૪૨૮.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪૦૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૪૩૬૦ અને નીચામાં રૂ.૧૩૩૫૮૨ના મથાળે અથડાઈ, રૂ.૧૩૪૫૨૧ના આગલા બંધ સામે રૂ.૮૭૭ ઘટી રૂ.૧૩૩૬૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૪૫ ઘટી રૂ.૧૦૬૯૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૭ ઘટી રૂ.૧૩૩૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨૯ ઘટી રૂ.૧૩૧૯૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨૬૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૨૮૭૫ અને નીચામાં રૂ.૧૩૨૨૫૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૯૫૫ના આગલા બંધ સામે રૂ.૬૫૬ ઘટી રૂ.૧૩૨૨૯૯ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૦૨૮૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૦૬૨૮૦ અને નીચામાં રૂ.૨૦૨૬૫૬ના મથાળે અથડાઈ, રૂ.૨૦૩૫૬૫ના આગલા બંધ સામે રૂ.૧૩૬૨ વધી રૂ.૨૦૪૯૨૭ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૭૫ વધી રૂ.૨૦૫૬૩૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૭૧ વધી રૂ.૨૦૫૬૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૫૩.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૧૧૧૩.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૩૦૦.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧૫ પૈસા વધી રૂ.૨૮૨.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૧૫ પૈસા ઘટી રૂ.૧૮૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૯૯૫.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૪૪ અને નીચામાં રૂ.૩૭૬૩ના મથાળે અથડાઈ, રૂ.૫૦ વધી રૂ.૩૮૪૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૦૬૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૦૯૦ અને નીચામાં રૂ.૫૦૩૦ના મથાળે અથડાઈ, રૂ.૫૧૧૪ના આગલા બંધ સામે રૂ.૭૭ ઘટી રૂ.૫૦૩૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૭૪ ઘટી રૂ.૫૦૪૨ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૯ ઘટી રૂ.૩૫૦.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૬.૧ ઘટી રૂ.૩૫૦.૨ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૮ના ભાવે ખૂલી, રૂ.૬.૯ ઘટી રૂ.૯૩૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૫૨૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૫ના ભાવે ખૂલી, રૂ.૧૩ ઘટી રૂ.૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૪૬૩.૧૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૯૬૫.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૮૩.૭૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૯.૧૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯.૯૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૧.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૯૦.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૯૨.૩૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૨૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૦૨૪૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૩૪૪૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૦૪૯૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૮૮૨૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૨૨૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૦૮૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૨૩૦૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૪૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૨૮૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૯૫૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૯૬૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૩૧૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૨૯૬૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૪ પોઈન્ટ ઘટી ૩૩૦૧૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૪ ઘટી રૂ.૧૪૮.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ ઘટી રૂ.૧૧.૨૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯ ઘટી રૂ.૪૫૬ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૫.૫ વધી રૂ.૪૬૦૨.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૮ પૈસા ઘટી રૂ.૮.૩ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા ઘટી રૂ.૧.૩ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૪૫ ઘટી રૂ.૧૫૧.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ ઘટી રૂ.૧૧.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૫ ઘટી રૂ.૧૨૮૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૨૧૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૯.૫ ઘટી રૂ.૮૫૫.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૧.૯ વધી રૂ.૨૧૮.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮૫ વધી રૂ.૯.૫ના ભાવે બોલાયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧ વધી રૂ.૪૯૦ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૮ ઘટી રૂ.૫૪૬.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૪.૯૯ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૨ પૈસા વધી રૂ.૨ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૮ વધી રૂ.૨૧૫.૭૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૯.૬૫ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૦.૫ વધી રૂ.૧૫૪૯.૫ થયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૩.૫ ઘટી રૂ.૪૮૬.૫ના ભાવે બોલાયો હતો.

### '૧૦૮ ઈમરજન્સી સેવા': રાજ્યના નાગરિકો માટે સુરક્ષા કવચ

# રાજ્યમાં નવેમ્બર - ૨૦૨૫ સુધીમાં ૧.૮૬ કરોડથી વધુ કોલ ૧૦૮માં નોંધાયાઃ ૬૦ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત તેમજ ૨૨.૫૫ લાખથી વધુ માર્ગ અકસ્માતમાં ઈમરજન્સી સેવા પૂરી પડાઈ

ગુજરાતમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતી '૧૦૮ ઈમરજન્સી સેવા'ની સમગ્ર ટીમ રાજ્યના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં રાજ્યમાં સૌ પ્રથમવાર શરૂ કરાયેલી અનન્ય આરોગ્યલક્ષી '૧૦૮ ઈમરજન્સી સેવા' આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પૂરવાર થઇ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં રાજ્યના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે '૧૦૮ ઈમરજન્સી સેવા' ૨૪x૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે.

રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઈમરજન્સી સેવા' શરૂ થઇ ત્યારથી નવેમ્બર–૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૬ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૬૦.૨૩ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૨.૫૫ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૮ લાખથી વધુ નાગરિકોના જીવ બચાવવામાં આવ્યા છે. તદુપરાંત એમ્બ્યુલન્સમાં ૯૭,૨૯૫ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૯,૯૦૩ એમ કુલ ૧.૫૭ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

રાજ્યમાં '૧૦૮ ઈમરજન્સી સેવા' ઉપરાંત અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧.૩૭ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૭.૪૦ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૪૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં કુલ ૫૨.૨૯ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. વર્ષ -૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૮ જેટલા નાગરિકોનો આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.

રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ-૨૦૨૫થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૦૪ લાખથી વધુ ઈમરજન્સી કોલ જેમાં પોલીસ, ફાયર, મેડીકલ અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે તેમ, ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસની અખબારી યાદીમાં જણાવ્યું છે. - પ્રિન્સ ચાવલા

## સ્ટાર કોમેડિયન ભારતી સિંહે દીકરાને આપ્યો જન્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારતની સ્ટાર કોમેડિયન ભારતી સિંહના ઘરે બીજા બાળકનો જન્મ થયો છે. ૪૧ વર્ષીય ભારતી સિંહે દીકરાને જન્મ આપ્યો છે. ૧૯ ડિસેમ્બર અને શુક્રવારે ભારતી એ દીકરાને જન્મ આપ્યો. જાણવા મળતી માહિતી અનુસાર ભારતી સિંહ લાફ્ટર શેફના એપિસોડનું શૂટિંગ કરી રહી હતી તે દરમિયાન મેડિકલ ઈમરજન્સી સર્જાઇ હતી ત્યાર પછી તુરંત જ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. જ્યાં તેણે દીકરાને જન્મ આપ્યો. ભારતી સિંઘ પ્રેગ્નન્સી દરમિયાન પણ સતત એક્ટિવ જોવા મળી હતી તાજેતરમાં તે લાફ્ટર શેફ શોનું શૂટિંગ કરી રહી હતી જે દરમિયાન ૧૯ ડિસેમ્બર અને શુક્રવારે તેના દીકરાને જન્મ આપ્યો. ભારતી સિંહ અને હર્ષ લીમ્બાચીયાને એક દીકરો છે અને હવે ફરીથી તેઓ દીકરાના માતા પિતા બન્યા છે. જોકે બીજી પ્રેગ્નન્સી વખતે હર્ષ લીમ્બાચીયા અને ભારતી સિંહ ઈન્ટરવ્યૂમાં પણ જણાવી રહ્યા હતા કે તેમને દીકરી થાય તેવી ઈચ્છા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં હાલોલ ખાતે યોજાયો પ્રાકૃતિક કૃષિ જન જાગૃતિ કાર્યક્રમ અને પરિસંવાદ

# પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતો ખોરાક સ્વાસ્થ્યવર્ધક; આવનારી પેઢીને સ્વસ્થ જીવન આપવાની ગેરંટી આપે છે: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

પંચમહાલ જિલ્લાના હાલોલ સ્થિત ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત 'પ્રાકૃતિક કૃષિ જન જાગૃતિ કાર્યક્રમ અને પરિસંવાદ'માં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતો, કૃષિ સખીઓ અને કૃષિ વિભાગના અધિકારીઓને સંબોધતા પ્રાકૃતિક ખેતીને જીવનની અનિવાર્ય જરૂરિયાત ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી માત્ર ખેતી પદ્ધતિ નહીં, પરંતુ ધરતી માતા, પર્યાવરણ, પાણી અને માનવ સ્વાસ્થ્યને બચાવવાનો સર્વાંગી માર્ગ છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાસાયણિક ખેતીના કારણે આજે ધરતી માતા બિનઉપજાઉ બની રહી છે. જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ અને અળસિયા નાશ પામી રહ્યા છે, જેના કારણે જમીનની ઉત્પાદન ક્ષમતા સતત ઘટી રહી છે. તેમણે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, યુરિયા અને ડીએપીના વધુ પડતા ઉપયોગના કારણે ભૂગર્ભ જળમાં નાઈટ્રેટ જેવા ઝેરી તત્વોની માત્રા વધી ગઈ છે, જેના કારણે પીવાનું પાણી ઝેરી બનતું જાય છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે સમાજમાં કેન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ, કિડની અને પેક્રિયાસ સંબંધિત બીમારીઓ ઝડપથી વધી રહી છે. ૩૦–૪૦ વર્ષ પહેલાં આ પ્રકારની બીમારીઓ સામાન્ય નહોતી, પરંતુ આજે નાની ઉંમરના લોકો પણ આવા ગંભીર રોગોથી પીડાઈ રહ્યા છે. તેનું મુખ્ય કારણ ઝેરયુક્ત ખોરાક અને દૂષિત પર્યાવરણ છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય દેશ અને વિશ્વની પ્રથમ એવી યુનિવર્સિટી છે, જ્યાં ફક્ત પ્રાકૃતિક ખેતી પર વૈજ્ઞાનિક સંશોધન થઈ રહ્યું છે. અહીં ગાયના છાણ અને ગોમૂત્રમાં રહેલા કરોડો સૂક્ષ્મ જીવાણુઓ પર સંશોધન કરવામાં આવી રહ્યું છે, જે ખેતી માટે ખાતર અને પોષક તત્વો પૂરા પાડે છે. આ સંશોધન માત્ર ગુજરાત નહીં, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વ માટે માર્ગદર્શક બનશે.

રાજ્યપાલશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જૈવિક ખેતીથી સંપૂર્ણપણે અલગ છે. જૈવિક ખેતીમાં ખર્ચ અને મહેનત વધુ હોય છે, જ્યારે પ્રાકૃતિક




ખેતીમાં ખેડૂતને બજાર પર નિર્ભર રહેવું પડતું નથી. ગાય આધારિત ખેતીમાં દેશી ગાયનું છાણ, ગોમૂત્ર, દાળનો લોટ અને ગોળ જેવા ઘરેથી ઉપલબ્ધ સંસાધનો વડે જીવામૃત અને ઘન જીવામૃત બનાવી શકાય છે, જેના કારણે ખર્ચ લગભગ શૂન્ય બની જાય છે. તેમણે પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, તેઓ છેલ્લા અનેક વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે, જેમાં પાણીનો ઉપયોગ લગભગ અડધો થઈ ગયો છે, જમીનની ગુણવત્તા સુધરી છે અને પાકમાં રોગ આવવાનું બંધ થયું છે. રાસાયણિક ખેતી કરતા પડોશી ખેડૂતોની તુલનામાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન વધારે અને ખર્ચ ઓછો રહ્યો છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતો ખોરાક સ્વાસ્થ્યવર્ધક હોય છે અને આવનારી પેઢીઓને સ્વસ્થ જીવન આપવાની ગેરંટી આપે છે. તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતી અપનાવવી એ ઈશ્વરની રચનાની રક્ષા કરવી છે અને આથી મોટી કોઈ પૂજા નથી.

રાજ્યપાલશ્રીએ ખેડૂતોને અપીલ કરી હતી કે, કૃષિ સખીઓ, ખેડૂત મિત્ર, માસ્ટર ટ્રેનર્સની મદદથી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ શીખે અને અમલમાં મૂકે. સાથે જ દરેક ખેડૂત પરિવાર ઓછામાં ઓછી એક દેશી ગાયનું પાલન કરે તેવું તેમણે સૂચન કર્યું હતું. તેમણે સરકાર દ્વારા આપવામાં આવતી સહાય યોજનાઓનો લાભ લેવા પણ અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી દ્વારા ખેડૂત, સમાજ અને રાષ્ટ્ર – ત્રણેનું કલ્યાણ શક્ય છે. તેમણે આ પ્રકારના પરિસંવાદો દ્વારા પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે સ્વાગત ઉદબોધન કરતા જિલ્લા કલેક્ટરશ્રી અજય દહીયાએ જણાવ્યું હતું કે, પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર પ્રાકૃતિક ખેતીને જન-જન સુધી પહોંચાડવા મક્કમ છે. જિલ્લામાં દર ત્રણ પંચાયત દીઠ એક એમ કુલ ૧૭૪ ક્લસ્ટર બનાવી સી.આર.પી. અને કૃષિ સખીઓની નિમણૂંક કરવામાં આવી છે, જેઓ ખેડૂતોને ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડે છે. ખેડૂતો પ્રત્યક્ષ પરિણામો જોઈ શકે તે માટે જિલ્લામાં ૨૮૧ પંચસ્તરીય મોડલ ફાર્મ કાર્યરત કરાયા છે. આ ઉપરાંત, ખેડૂતોને જીવામૃત અને અન્ય પ્રાકૃતિક અસ્ત્રો સરળતાથી મળી રહે તે હેતુથી ગૌશાળાઓ અને સખી મંડળોના સહયોગથી ૧૫ BRC (Bio Resource Center) યુનિટની સ્થાપના કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

કલેક્ટરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ગત વર્ષના ૧૪,૭૦૮ ખેડૂતોની સરખામણીએ ચાલુ વર્ષે ૫,૩૯૮ નવા ખેડૂતો ઉમેરાતા હવે કુલ ૨૦,૧૦૬ ખેડૂતો ૧૭,૩૨૦ એકર વિસ્તારમાં રસાયણમુક્ત ખેતી કરી રહ્યા છે. ખેડૂતોને યોગ્ય બજાર મળી રહે તે માટે જિલ્લામાં ૦૯ વેચાણ કેન્દ્રો કાર્યરત છે, જેના માધ્યમથી ચાલુ વર્ષે ખેડૂતોએ રૂ. ૫.૪૬ લાખનું સીધું વેચાણ કરી વધુ નફો મેળવ્યો છે. રાજ્યપાલશ્રીના વિઝનને સાકાર કરી પંચમહાલના ખેડૂતો હવે આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રેણુકાબેન ડાયરા, ધારાસભ્ય સર્વ શ્રી જયદ્રથસિંહ પરમાર અને નિમિષાબેન સુથાર, યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. સી.કે.ટિંબાડિયા, જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એમ.દેસાઈ, કૃષિ વૈજ્ઞાનિકો, પંચમહાલ જિલ્લાના અગ્રણી ખેડૂતો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### અટલ નેતૃત્વ, અવિરત વિકાસ

# ગુજરાતમાં મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઈ

## જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓ સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું

## iORA પોર્ટલ પર છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭.૯ લાખથી વધુ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી, ફીડબેક સેન્ટર દ્વારા ૪૦ હજારથી વધુ કૉલ દ્વારા પ્રતિસાદ મેળવવામાં આવ્યો

રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે "ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ" અને "ઈઝ ઑફ લિવિંગ"ને મજબૂતી આપે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઈ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યુંછે. સાથોસાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

**iORA પોર્ટલ પર ૧૭.૯ લાખથી વધુ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી**

જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત iORA પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે. ૭/૧૨ સિવાય, વારસાઈ નોંધ, બિનખેતીની પરવાનગી અને જમીન માપણી જેવી ૩૬થી પણ વધુ મહેસૂલી સેવાઓનો લાભ iORA પોર્ટલ દ્વારા ઘેરબેઠાં લઈ શકાય છે. વર્ષ ૨૦૨૨થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં iORA પોર્ટલ ઉપર વિવિધ પ્રકારની ૩૬ સેવાઓને લગતી કુલ ૧૭.૯ લાખથી વધારે અરજીઓ પ્રોસેસ કરવામાં આવી છે. આ ફેસલેસ સર્વિસના કારણે સેવાઓમાં પારદર્શિતા આવી છે અને નિર્ણય પ્રક્રિયા ઝડપી બની છે. iORA ફીડબેક સેન્ટર પર ૪૦૭૯૯ જેટલાં કોલ ના જવાબ આપવામાં આવ્યા છે.

**સેવાઓમાં ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીકલ સુધારા**

મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેકનોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઈન અને ફેસલેસ બનાવવામાં આવી છે. સ્વામિત્વ યોજના અંતર્ગત ડ્રોન ફ્લાઈટ દ્વારા ૮૭૦૦થી વધુ ગામોમાં સર્વે પૂર્ણ કરીને ૧૧.૫૨ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને ઊઈ કોડવાળી નકલો (VF-6, VF-7, 8A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઈન માધ્યમથી ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે.

**અત્યાધુનિક ટેકનોલોજીથી જમીનનું મેપિંગ, રૂ.૩૩૩૯ કરોડથી વધુના મૂલ્યની જમીન દબાણમુક્ત કરાઈ**

મહેસૂલ વિભાગે ISROની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન (Mining) જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ 'iORA' અને 'RO Diary' પર સ્વચાલિત (Automatic) એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે. રાજ્યમાં સરકારી જમીનોના સંરક્ષણ માટે હાથ ધરવામાં આવેલી સઘન ઝુંબેશ દ્વારા અત્યાર સુધીમાં ૩૯૯૦ હેક્ટરથી વધુ જમીન દબાણમુક્ત કરવામાં આવી છે. પુનઃપ્રાપ્ત કરાયેલી આ જમીનની અંદાજિત બજાર કિંમત રૂ.૩૩૩૯ કરોડથી વધુ છે.

**ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની**

જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના ૬૦ જેટલા મહત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્વના પ્રોજક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત નિર્માણની યાત્રા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને "કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ" અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.

### મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે તા. ૨૧ ડિસેમ્બરના રોજ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી અને યોગ બોર્ડના યોગ કોચ-ટ્રેનરનો દીક્ષાંત સમારોહ યોજાશે

માનવ જીવનમાં મનની શાંતિ, સંતુલન અને આંતરિક જાગૃતિનું મહત્વ ઉજાગર કરવા સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા તા. ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ અવસરને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને તા. ૨૧ ડિસેમ્બરના રોજ બપોરે ૨:૩૦ કલાકથી રાજ્યસ્તરીય ધ્યાન કાર્યક્રમ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ-ટ્રેનરના દિક્ષાંત સમારોહનું મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા હિમાલયન સમર્પણ ધ્યાન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીત તેમજ ધ્યાનના માર્ગદર્શક તરીકે હિમાલયન સમર્પણ ધ્યાનના પ્રણેતા પરમ પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની વિશેષ ઉપસ્થિત રહેશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ હંમેશા લોકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે કામગીરી કરી રહ્યું છે. યોગ અને ધ્યાનને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમ એ જ દિશામાં એક મોટી પહેલ છે, જે ગુજરાતને વધુ આધ્યાત્મિક અને માનસિક રીતે જાગૃત બનાવશે. તા. ૨૧ ડિસેમ્બર વર્ષનો સૌથી ટૂંકો દિવસ હોવા છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ તેને વિશેષ માનવામાં આવે છે. આ કાર્યક્રમના મુખ્ય બે હેતુઓમાં પ્રથમ વિશ્વ ધ્યાન દિવસની ભાવપૂર્ણ અને અર્થસભર ઉજવણી કરવાનો, જ્યારે દ્વિતીય હેતુ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલીમ પ્રાપ્ત કરેલા યોગ કોચ અને યોગ ટ્રેનર્સનો દીક્ષાંત સમારોહ યોજવાનો છે. આ દીક્ષાંત સમારોહ રાજ્યમાં યોગ શિક્ષણને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે.

આ કાર્યક્રમમાં ધ્યાનના માર્ગદર્શક તરીકે હિમાલયન સમર્પણ ધ્યાનના પ્રણેતા પરમ પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પાવન ઉપસ્થિતિમાં હજારો સાધકો એકસાથે સામૂહિક ધ્યાનમાં ભાગ લઈ માનસિક શાંતિ, આંતરિક ઊર્જા અને આધ્યાત્મિક જોડાણનો અનુભવ કરશે. રાજ્યના તમામ નાગરિકો, યોગપ્રેમીઓ અને સાધકોને આ ઐતિહાસિક કાર્યક્રમમાં સહભાગી બનવા અને વિશ્વ ધ્યાન દિવસની ઉજવણીને સ્મરણિય બનાવવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શિશપાલ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

- જીગર બારોટ

# આણંદ જિલ્લાના તારાપુરના રિંઝામાં રૂ. ૧૧૦ કરોડના ખર્ચે સાબરમતી નદી પર બ્રિજનું નિર્માણ કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના રિંઝા ગામ ખાતે સાબરમતી નદી પર નવા પુલનું રૂપિયા ૧૧૦ કરોડના ખર્ચે નિર્માણ કરવાની મંજૂરી આપી છે.

તારાપુર તાલુકાના રિંઝા, નભોઈ, પચેગામ અને દુગારી ગામોના લોકોએ સાબરમતી નદીનું વહેણ બદલાવાને કારણે ચોમાસામાં સામે કાંઠે જઈ શકાતું ન હોવાની તથા સંપર્ક વિહોણા થઈ જતા હોવાની રજૂઆત મુખ્યમંત્રીશ્રી સમક્ષ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતનો સંવેદના પૂર્ણ પ્રતિસાદ આપતા ટુ લેન બ્રિજ સહિત પથ રેખા પર ૪ કિ.મી.નો નવો રસ્તો બનાવવા જમીન સંપાદન, બાંધકામ પૂર્વે હાઈડ્રોલિક સર્વે, સોઈલ ઈન્વેસ્ટિગેશન અને આલેખન જેવી બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ સહિતના સંભવિત ખર્ચ માટે સમગ્રતયા ૧૧૦ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે.

ચોમાસા દરમિયાન નદીનું વહેણ બદલાવાથી સંપર્ક વિહોણા થઈ જતાં આ ગામોની વર્ષો જુની સમસ્યાનું નિવારણ આ પુલનું બાંધકામ પૂર્ણ થતાં આવી જશે અને વાહન વ્યવહાર તેમજ ખેત ઉદ્યોગ અને ઈઝ ઓફ લિવિંગ માટે આ પુલ આશિર્વાદ રૂપ બનશે.

# શ્રી દરબારસાહેબ દેસાઈની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે વિધાનસભા ઈન્ચાર્જ સચિવ શ્રી રીટાબેન મહેતાએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

ભારતના સ્વતંત્રતા યજ્ઞમાં સામે ચાલીને પોતાનું રાજ્ય સોંપી દેનાર એવા સાચેસાચા પ્રજાના દરબાર શ્રી દરબારસાહેબ ગોપાળદાસ દેસાઈની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે આજે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભા ઈન્ચાર્જ સચિવ શ્રી રીટાબેન મહેતાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી દરબારસાહેબે ગામડાના ખેડૂતો અને ગરીબ માણસો માટે ખૂબ સારા કાર્યો કર્યા હતા. તેમણે રાજા તરીકે મળતી સુવિધાઓ અને વૈભવની જગ્યાએ સાદગીને જીવનમાં ઉતારી હતી. શ્રી દરબારસાહેબે ખેડૂતોને શાહુકારો દ્વારા લેવામાં આવતા વ્યાજમાંથી મુક્ત કરવા માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા.

શ્રી દરબારસાહેબે આણંદ, બોરસદ, વડોદરા વગેરે જેવા અનેક સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગેવાની લીધી હતી. આ ઉપરાંત તેઓ સુરતના હરિપુરા ગામે ભરાયેલા રાષ્ટ્રીય અધિવેશનમાં સક્રિય રહ્યા હતા. શ્રી દરબારસાહેબે પોતાના રજવાડાનું વિલીનીકરણ થાય તે પહેલા સામે ચાલીને પોતાનું રાજ્ય સોંપી દીધું હતું.

આ પ્રસંગે વિધાનસભાના અધિકારી-કર્મચારીશ્રીઓ તથા શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળા, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહીને શ્રી દરબારસાહેબને પુષ્પ અર્પણ કર્યા હતા.

- ઋચા રાવલ



# ભાજપ કાર્યકર્તાની હત્યા મામલે આજીવન કેદની સજા

# મોન્ટુ નામદાર સહિત ૪ લોકોને આજીવન કેદની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના ખાડિયા વિસ્તારમાં પિતરાઈ ભાઈ દ્વારા જ સોપારી આપીને મિત્રની કરાયેલ હત્યાના કેસમાં કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. વર્ષ ૨૦૨૨માં ૮ જૂનના રોજ ખાડિયાની હજીરાની પોળમાં આરોપી મોન્ટુ ગાંધીએ અન્ય સાગરીતો સાથે મળીને રાકેશ મહેતા પર હુમલો કર્યો હતો. ત્યારે આ કેસના ફરિયાદી પવન ગાંધી, જે આરોપી મોન્ટુનો પિતરાઈ ભાઈ છે, તે પોતાની કારમાં પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે રાકેશભાઈને લોહીલુહાણ હાલતમાં જોયા હતા. આરોપીઓએ જૂની અદાવત અને કૌટુંબિક ઝઘડાના મનદુખમાં આ કાવતરું ઘડી હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. હત્યા બાદ સીસીટીવીના વાયર કાપી નાખ્યા હતા છતાં પુરાવા મળતા તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આરોપી મોન્ટુ ગાંધીએ પોતાની ઓફિસના સીસીટીવી કેમેરાના વાયર કાપી નાખી ડીવીઆર ગાયબ કરી દીધું હતું જેથી પુરાવાનો નાશ થઈ શકે.

જોકે, પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, કોલ ડિટેઈલ રેકોર્ડ અને અન્ય રસ્તાઓના સીસીટીવી ફૂટેજના આધારે કાવતરાનો પર્દાફાશ કર્યો હતો. આ કેસમાં પોલીસે મોન્ટુ ઉર્ફે નામદાર સુરેશચંદ્ર ગાંધી, વિશ્વ ઉર્ફે વિશુ જીગ્નેશ રામી, જયરામ વાસુદેવભાઈ દેસાઈ અને સુનિલ બાબુભાઈ બજાણીયાની ધરપકડ કરી ચાર્જશીટ કરતા કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં ફરિયાદ પક્ષે એડવોકેટ હિરેન પટેલ અને વિપુલ બારોટ હાજર રહ્યાં હતા.

બીજી તરફ સરકારી વકીલ વર્ષા કિરણ રાવે દલીલ કરતા કોર્ટને જણાવ્યું હતું કે, મિલકતની તકરારના વિવાદમાં હત્યા કરવામાં આવી છે. ૧૭ ગંભીર ઈજાઓ અને બેઝબોલના બેટનો ઉપયોગ થયો હોવાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો છે. આખો કેસ નિઃશંક પણે પુરવાર થાય છે, આ કૃત્ય અત્યંત ઘૃણાસ્પદ છે અને આવા આરોપીઓ પ્રત્યે કોઈ નરમાશ દાખવી શકાય નહીં.

આ કેસમાં એડિશનલ સિટી સેશન્સ જજ બી.બી.જાદવે મુખ્ય આરોપી મોન્ટુ ગાંધી ઉર્ફે નામદાર સહિત ચાર આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી જેલમાં મોકલી આપ્યા છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદીના પિતા એક વિલના સાક્ષી હતા જે વિલ મુજબ આરોપી મોન્ટુ નામદારની પત્નીને મિલકતમાંથી બાકાત રાખવામાં આવી હતી. જેને લઈને આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકા પંચાયતમાં એસીબીએ બોલાવ્યો સપાટો : એસીબીના મહિલા પીઆઈએ અધિકારીઓને કરી ટકોર કહ્યુ સુધરી જજો બધાની બુમો અમારા સુધી આવે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ગઈ કાલે એસીબીએ સપાટો બોલાવ્યો છે. જિલ્લાની ઈડર તાલુકા પંચાયતમાં વરસોથી ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હતો. લાખો રૂપીયાની ટકાવારીને લઈ કામો થતા હોવાની બુમરોળ ઉઠવા પામી હતી. ખુદ તાલુકા વિકાસ અધિકારીને પણ અગાઉથી કેટલાક જાગૃત નાગરીકો દ્વારા ફરીયાદો કરવામાં આવી હતી. તેમ છતાં તંત્રની કુંભકર્ણ નીંદને કારણે આજે એસીપીએ જાતે છટકુ ગોઠવી તાલુકા પંચાયતમાં સપાટો બોલાવ્યો છે.



અરવલ્લી એસીબી મહિલા પીઆઈએ જતા જતા અધિકારીઓને ટકોર કરી હતી. તાલુકા પંચાયતના અધિકારીઓ અને સ્ટાફ સામે ટકોર કરી અને તાલુકા પંચાયતમાં લાંચીયા કર્મચારીઓનો સપાટો બોલાવી દીધો હતો. કહેવાય છે કે જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયત કહેવાય છે અને આ તાલુકા પંચાયતમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થતો હોવાની ખુદ મુખ્યમંત્રી સુધી ફરીયાદો થઈ ચુકી છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ તપાસ કે કાર્યવાહી કરવામાં ન આવતા પ્રજામાં નારાજગી દેખાઈ ગઈ હતી. એસીબીએ ૩ કોન્ટ્રાકટ કર્મચારીઓની ધરપકડ કરી હતી. જેમાં ગ્રામ વિકાસ શાખાના કલસ્ટર કો.ઓડીનેટર પણ ઝડપાયા હતા. પકડાયેલા આરોપીઓમાં કમલ પટેલ, જિન્નતબેન, મહેલ રાઠોડ લાંચ લેતા ઝડપાયા હતા.

જેમાં કમલ પટેલ ઈડર તાલુકા ભાજપ યુવા પ્રમુખ પણ છે અને બીલ મંજુર કરવા માંગી હતી રૂપીયા ૧.૨૫ લાખની લાંચ, એસીબીની ટ્રેપ ને પગલે લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો હતો અને પીઆઈ લાંચીયાઓની લઈ બહાર આવી રહ્યા હતા તે દરમિયાન તેમણે જાહેરમાં અન્ય અધિકારીઓને પણ ટકોર કરી હતી. તાલુકા પંચાયત કચેરીમાંથી બહાર નિકળતા સમયે એસીબી મહિલા અધિકારીએ ટકોર કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

લાંચ પ્રકરણમાં ઝડપાયેલા આરોપીઓમાં (૧) કમલકુમાર નારાયણદાસ પટેલ, કલસ્ટર કો.ઓડીનેટર (કરાર આધારીત) તાલુકા પંચાયત ઈડર જી.સાબરકાંઠા (૨) જીન્નતબેન રોનકકુમાર ચંદુભાઈ પટેલ, કલસ્ટર કો.ઓડીનેટર (કરાર આધારીત) તાલુકા પંચાયત કચેરી ઈડર જી.સાબરકાંઠા (૩) મેહુલ કુમાર મુળાભાઈ રાઠોડ, કલસ્ટર કો.ઓડીનેટર (કરાર આધારીત) તાલુકા પંચાયત કચેરી, ઈડર જી.સાબરકાંઠા

આ કામના ફરીયાદી ચોરીવાડ, જાદર, વીરપુર, બોલુંન્દ્રા અને પાનોલ વિગેરે ગામોએ સેગ્રીગેશન શેડ તથા ખાર કુવાનુ કોન્ટ્રાકટ થી કંન્ટ્રકશનનુ કામ કર્યુ હતુ જેના બીલો મંજુર કરવા માટેની પ્રક્રિયામાં બીલની રકમના ૧૨ ટકા મુજબ કુલ રકમ રૂપીયા ૧.૨૫ લાખ લાંચની માંગણી કરી હતી. ફરીયાદી લાંચની રકમ આક્ષેપીતોને આપવા ઈચ્છતા ન હોઈ એસીબીનો સંપર્ક કર્યો હતો. લાંચના છટકા દરમિયાન આક્ષેપીત નંબર ૧ તથા નંબર ૨ એ રૂબરૂમાં તથા આક્ષેપીત નંબર ૩ એ ટેલીફોનીક ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી આક્ષેપીત નંબર ૧ તથા આક્ષેપીત નંબર ૨ એ લાંચની રકમ સ્વીકારી સ્થળ ઉપર પકડાઈ ગયા હતા. આક્ષેપીત નંબર ૩ સ્થળ ઉપર હાજર મળી આવ્યા ન હતા.

# વડોદરામાં ખનીજ લઈ જતા વાહનોમાં GPS સિસ્ટમનો ફિયાસ્કો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લામાં વિવિધ ખનીજોનું વહન કરતા વાહનો પર બાજ નજર રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા જીપીએસ (GPS) સિસ્ટમ અનિવાર્ય કરવામાં આવી છે, પરંતુ આ યોજનાના અમલીકરણમાં સ્થાનિક ખાણ ખનીજ વિભાગની ઘોર ઉદાસીનતા સામે આવી છે. નવાઈની વાત એ છે કે, જિલ્લામાં કેટલા વાહનોમાં જીપીએસ લાગ્યા છે કે કેમ, તેની કોઈ જ માહિતી સ્થાનિક કચેરી પાસે ઉપલબ્ધ નથી. જ્યારે સ્થાનિક ખાણ ખનીજ વિભાગનો સંપર્ક કરવામાં આવે છે ત્યારે અધિકારીઓ આખી સિસ્ટમ 'ગાંધીનગરથી ઓપરેટ થાય છે' તેમ કહીને હાથ અદ્ધર કરી દે છે. ખનીજ ઉત્પાદકો દ્વારા નવા કાયદાનો અમલ કઈ રીતે કરવો, તેની કોઈ સ્પષ્ટ ગાઈડલાઈન પણ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ નથી. પરિણામે સ્થાનિક તંત્ર માહિતીના અભાવે પોતાની જવાબદારીઓમાંથી છટકી રહ્યું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

# મહિસાગર જિલ્લામાં નલ સે જલ કૌભાંડમા ખાનપુર ભાજપના યુવા મોરચાના મહામંત્રીની કરાઈ ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહિસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર મામલે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સપાટો બોલાવવામાં આવી રહ્યો છે. આ કૌભાંડમાં ખાનપુર ભાજપ યુવા મોરચાના મહામંત્રી અને કોન્ટ્રાકટર ધર્મેન્દ્રકુમાર પ્રતાપભાઈ માલીવાડની ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૪ કર્મચારીઓ અને ૧૨ જેટલા કોન્ટ્રાકટરોની ધરપકડ કરવામાં આવી છે. મહિસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં રૂપીયા ૧૨૩ કરોડના ભ્રષ્ટાચાર મામલે સીઆઈડીને કામગીરી સોંપાતા સપાટો બોલાવ્યો છે. જેમાં દિવાળી બાદ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે એક પછી એક આરોપીઓને સકંજામાં લેતા કૌભાંડીઓમાં નાસ ભાગ મચી જવા પામી છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે છેલ્લા ૪ દિવસમાં બે કોન્ટ્રાકટરોની અટકાયત કરીને કોર્ટમાં રજુ કર્યા હતા. જેમાં ખાનપુર ભાજપ યુવા મોરચાના મહામંત્રી અને કોન્ટ્રાકટર ધર્મેન્દ્રકુમાર પ્રતાપભાઈ માલીવાડની ધરપકડ કરવામાં આવી છે. ધર્મેન્દ્ર માલીવાડ દ્વારા વાસ્મો યોજનામાં રૂપીયા ૧૩,૮૧,૪૭૦ લાખ નો ભ્રષ્ટાચાર આચર્યો હતો. અગાઉ ભાજપ યુવા મોરચાના પ્રમુખની પણ આ જ કૌભાંડમાં ધરપકડ કરી જેલમાં મોકલવામાં આવ્યા હતા. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી તેજ બનતા રાજકીય લોકોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જિલ્લામાં ભાજપ સાથે સંકળાયેલા આગેવાનો, પ્રમુખો અને મહામંત્રીઓના કૌભાંડોમાં નામ ખુલતા જિલ્લા ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો છે. અત્યાર સુધી વાસ્મોના ૪ કર્મચારીઓ અને ૧૨ કોન્ટ્રાકટરોની ધરપકડ કરાઈ છે. મહિસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં રૂપીયા ૧૨૩ કરોડના ભ્રષ્ટાચાર મામલે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચને કામગીરી સોંપાતા સપાટો બોલાવ્યો છે. જેમાં દિવાળી બાદ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે એક પછી એક આરોપીઓને સકંજામાં લેતા કૌભાંડીઓમાં નાસ ભાગ મચી જવા પામી છે.

# અંબાજીના પાડલીયાનો મામલો રાજસ્થાન સુધી પહોચ્યો : બે ધારાસભ્યો અને એક સામાજિક કાર્યકર આગામી તા. ૨૧ મી એ આવશે ગુજરાતમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ અંબાજીના પાડલીયા ગામમાં પોલીસ પર પથ્થરમારાની ઘટના બહાર આવી હતી. પાડલીયા ગામમાં જંગલ ની જમીનને લઈને આદિવાસીઓ અને વનવિભાગ વચ્ચે તણાવ સર્જાયો હતો. જે બાદમાં હિંસક બન્યો હતો. આદિવાસીઓએ વન અધિકારીઓ પર પથ્થરમારો કરતા પરીસ્થિતિ વધુ વણસી હતી. પથ્થરમારાથી નાસભાગ મચી ગઈ હતી. હવે આ મુદ્દો રાજકીય વિષય પર આવ્યો છે. અને આદિવાસી સમુદાય પર આવ્યો છે,










એક બાદ એક આદિવાસીઓ પાડલીયા ગામમાં પહોચી રહ્યા છે અને આ મામલો માત્ર ગુજરાત પુરતો જ સીમીત રહ્યો નથી. પાડલીયાનો રેલો હવે રાજસ્થાન સુધી પહોચ્યો છે અને રાજસ્થાનના ભારતીય આદિવાસી પાર્ટીના ધારાસભ્યો આગામી તારીખ ૨૧ ડીસેમ્બરે ગુજરાત આવી રહ્યા છે. જેનાથી હવે આ મામલો વધુ ગંભીર બની ગયો છે. રાજસ્થાનના બે ધારાસભ્યો અને એક સામાજિક કાર્યકર્તા ૨૧ ડીસેમ્બર ના રોજ પાડલીયા ગામમાં જવાના છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**નીચેના ટેન્ડર માટે ઇ-ટેન્ડર સૂચના નં. SR. DEE/ADI/34(25-26) તારીખ 21.11.2025 નો શુદ્ધિપત્ર**

**ટેન્ડર નં. EL-50-1-ADI-T-43-2025-26**

**કામનું નામ:** કાટોસન રોડ-કાટોસન રોડ સ્ટેશન પર પ્લેટફોર્મ નં. 2 અને 3 અને પ્લેટફોર્મ નં. 4 પર 2 નંબરની લિફ્ટ માટે 3 વર્ષ માટે સીએએમસી પૂરું પાડવુંનોંધપાત્ર ફેરફારો.

**નોંધ લેવા જેવા ફેરફારો: ટેન્ડર સમાપ્તિ તારીખ.**

**હાલની: 18/12/2025, 15:00 લંબાવવામાં આવેલ.: 30/12/2025, 15:00.**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly ADI-231

### મતદાન મથકોનુ પુનઃગઠનઃ જિલ્લામાં નવા ૧૩૭ મતદાન મથકોનો વધારોઃ કુલ સંખ્યા ૧૪૧૯ થઇ

# જિલ્લા ચુંટણી અધિકારી લલિત નારાયણ સિંધ સાંદુ ના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષો સાથે બેઠક યોજાઈ : ૧૭ ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી જાહેર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લામાં મતદાર યાદી ખાસ સધન સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર) અંતર્ગત આજે તારીખ ૧૯/૧૨/૨૦૨૫ શુક્રવારના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી, આ યાદી દરેક વિધાનસભા મતવિસ્તારના મતદાન મથકો, ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ અને ચુંટણી અધિકારીની કચેરીઓએ સામાન્ય નાગરીકોની જાણ માટે ઉપલબ્ધ કરાવાઈ છે.

જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર લલિત નારાયણ સિંધ સાદુ ના અધ્યક્ષસ્થાને માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી તેમને મુસદ્દા મતદાર યાદી તથા એએસડી મતદારોની યાદી પુરી પાડવામાં આવી હતી. મતદાર યાદી સધન સુધારણા કાર્યક્રમનો ગણતરી તબકકો ૧૪ ડીસેમ્બર પૂર્ણ થયો છે. જે મતદારો પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત થયા નથી અથવા જેઓ ગેરહાજર, સ્થળાંતરીત કે મરણ પામેલ છે તેવા કુલ ૯૯૯૧૦ નામોનો હાલની મુસદ્દા યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૧,૬૧,૧૨૮ મતદારોની એસઆઈઆર અંતર્ગત ખરાઈ કરવામાં આવી છે. જે પૈકી જિલ્લામાં મરણ પામેલ ૩૩૧૪૭ મતદારો, ગેરહાજર હોય તેવા ૧૧૩૫૨ મતદારો, કાયમી સ્થળાંતર પામેલ હોય તેવા ૪૪૯૮૮ મતદારો, બે જગ્યાએ નામ નોંધાયેલા હોય તેવા ૯૪૦૦ મતદારો તથા અન્ય કારણોસર ગણતરી ફોર્મ જમા કરાવી શકયા ન હોય તેવા ૧૦૨૩ મતદારો મળી કુલ ૯૯૧૦ મતદારોના નમોનો મુસદ્દા મતદાર યાદીમાં સમાવેશ થયો નથી,

હક્ક દાવા અને વાંધા અરજીઓ રજુ કરવાનો સમયગાળો આજે તારીખ ૧૯/૧૨/૨૦૨૫ થી તારીખ ૧૮/૧/૨૦૨૬ સુધી નિયત થયેલ છે. પ્રાપ્ત થયેલા ગણતરી ફોર્મ ઉપર તથા દાવા અને વાંધાના સમયગાળા દરમિયાન મળેલી અરજીઓનો મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા નિર્ણય કરવામાં આવશે. આ નોટીસના તબકકા માટે તારીખ ૧૯/૧૨/૨૦૨૫ થી તારીખ ૧૦/૨/૨૦૨૬ સુધીનો સમયગાળો નિયત થયેલ છે. આ તબકકા દરમિયાન જે મતદારોની પોતાની કે માતા પિતા / દાદા દાદી ની વિગતો ૨૦૦૨ ની યાદીમાં મળી આવેલ નથી તેવા પ્રસ્તાવિત મતદારોને નોટીસ કાઢી સુનાવણી આપી, મતદારોની લાયકાત તથા દસ્તાવેજોની ચકાસણી કરી તેઓના નામ મતદાર યાદીમાં રાખવા / ન રાખવા અંગે મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા આખરી નિર્ણય કરવામાં આવશે. જો કોઈ મતદાર નિર્દિષ્ટ સમય મર્યાદામાં તેમના ભરેલા ગણતરી ફોર્મ સબમીટ કરવામાં અસમર્થ હોય તો તેઓ દાવા અને વાંધા ના સમયગાળા દરમિયાન સમાવેશ માટે નિયત ઘોષણા ફોર્મ સાથે ફોર્મ નં.૬ ફાઈલ કરી શકે છે.

હક્ક દાવા અને વાંધા અરજીઓના તથા નોટીસના તબકકા બાદ લાયકાત ધરાવતા તમામ મતદારોને સમવાતી આખરી મતદાર યાદીની પ્રસિધ્ધિ તારીખ ૧૭/૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવશે.

ભારતના ચુંટણીપંચની ગાઈડ લાઈન અનુસાર સાબરકાંઠા જિલ્લામાં મતદાન મથકોનુ પુનઃગઠન કરવામાં આવ્યુ છે જે મુજબ મતદારોની સુવિધા માટે જે મતદાન મથકો પર ૧૨૦૦ થી વધુ મતદારોનો નોંધાયેલા હતા તેનુ વિભાજન કરીને નવા મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. પુનઃ ગઠન હેઠળ ૨૭-હિંમતનગર વિધાનસભામાં મતદાન મથકોની સંખ્યા ૩૨૬ થી વધીને ૩૬૬ થઈ છે. જયારે ૨૮-ઈડર વિધાનસભામાં ૩૩૪ મતદાન મથકોના સ્થાને હવે ૩૫૯ મતદાન મથકો રહેશે. તેવી જ રીતે ૨૯-ખેડબ્રહ્મા વિધાનસભામાં સૌથી વધુ ફેરફાર સાથે મથકોની સંખ્યા ૩૨૫ થી વધીને ૩૭૪ થઈ છે અને ૩૩-પ્રાંતિજ વિધાનસભામાં ૨૯૭ થી વધીને હવે ૩૨૦ મતદાન મથકો કાર્યરત થશે. આમ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં પુનઃગઠન પહેલા કુલ ૧૨૮૨ મતદાન મથકો હતા, જે હવે વધીને કુલ ૧૪૧૯ થયા છે. એટલે કે જિલ્લામાં કુલ ૧૩૭ નવા મતદાન મથકોનો ઉમેરો થયો છે.

## સાબરકાંઠા જિલ્લામાં પોલીસવડા એકશન મોડમાં ? ખનીજ ચોરી કરતી નિકુભા (ગેંગ) સામે આકરી કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લા પોલીસવડા જાંબાજ પોલીસવડા તરીકે ઓળખાય છે. જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ એકશન મોડમાં આવ્યા છે અને ખનીજ ચોરી કરતી નિકુભા અને ગેરકાયદેસર વિદેશ મોકલતી સીકંદર લોઢા ટોળકી સામે ગુજસીટોક એકટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી આકરી કાર્યવાહી શરૂ કરી છે.

ગુજરાત સરકાર દ્વારા શરીર સંબંધી તથા મિલ્કત સંબંધી ગુન્હાઓ પર અસરકારક નિયંત્રણ કરવા અને નાગરીકોના હિતનુ રક્ષણ તેમજ સંગઠીત ગુન્હાહીત ચક્રો સામે કાયદેસર કડક કાર્યવાહી કરવા પ્રતિબધ્ધ છે. ત્યારે ગાંધીનગર ડીઆઈજી વિરેન્દ્રસિંહ યાદવ તેમજ સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સાબરકાંઠા તેમજ ગાંધીનગર જિલ્લાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ચોરી છુપીથી ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી (રેતી ચોરી) કરી ગુન્હાઓ કરનાર ટોળકીની આર્થિક ગુન્હાહીત પ્રવૃત્તિઓને રોકવા તેમજ આ ગુન્હાઓમાં સંકળાયેલ સંગઠીત ટોળકી સામે કડક પગલા લેવાની આપવામાં આવેલ સુચના અને માર્ગદર્શન અન્વયે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ડી સી સાકરીયાની રાહબરીમાં જિલ્લામાં નિકુભા ગેંગ તરીકે કુખ્યાત સંગઠીત ગુન્હા આચરતી ટોળકી (ગેંગ) અસ્તિત્વમાં હોઈ આ ટોળકીના સક્રિય સભ્યો નરેન્દ્રસિંહ ઉર્ફે નિકુસિંહ જશવંતસિંહ રાઠોડ, ભવાનસિંહ અભેસિંહ રાઠોડ, દિગવિજયસિંહ કરણસિંહ રાઠોડ, રણજીતસિંહ રતનસિંહ રાઠોડ તમામ રહે નવાપુરા (સીતવાડા) તા.પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠા નાઓ છે. આ તમામ ટોળકીના સભ્યો પ્રાંતિજના સીતવાડા તથા વડવાસા ગામ તેમજ માણસાના લાકરોડા ગામ ના સીમ વિસ્તારમાં ટોળકીના સભ્યો આર્થિક લાભ મેળવવા ખાતર ખનીજ ચોરી જેવા બોગસ ખોટા રસ્તાઓ અપનાવી ગુન્હાખોરીના રસ્તે નાણાં કમાવવા ગેંગ બનાવી ગુન્હાઓ આચરતા હોવાના કારણે આ ટોળકી ગેરકાયદેસર હથિયારો ધારણ કરી સાબરકાંઠા તેમજ ગાંધીનગર જિલ્લાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ચોરી છુપીથી ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી (રેતી ચોરી) કરતા હોય અને ખનીજ ચોરી થતી અટકાવવા સારૂ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવતા તેઓના ઉપર જીવલેણ હુમલાઓ કરી ઈજાઓ કરી સરકારી કામમાં રૂકાવટ કરવાના તેમજ સાબરમતી નદીમાં કાયદેસર રીતે ચાલતી લીઝ ઉપરથી રેતી ભરી તેઓના વિસ્તારમાંથી પસાર થતા વાહનોને અટકાવી વાહન ચાલકો ઉપર હુમલા કરવાના તથા મારામારી, રાયોટીંગ, ખુનની કોશિષ જેવા વિવિધ પ્રકારના ગંભીર ગુન્હાઓ આચરી ગુન્હાહીત આતંક મચાવી જાહેર જનતામાં ભયનુ વાતાવરણ પેદા કરે છે.

આ સંગઠીત ગુન્હા આચરતી ટોળકી (ગેંગ) ના સભ્યો વિરૂધ્ધ જે તે સમયે ગુન્હા આચર્યા બાદ તેઓની અટકાયત કરી યોગ્ય પુરાવાઓ આધારે તેઓ વિરૂધ્ધ આરોપનામુ મુકવામાં આવ્યુ છે. તેમ છતાં તેઓ જામીન મેળવ્યા બાદ પુનઃ કાર્યરત થઈ તેઓની ગુન્હાહીત પ્રવૃત્તિ ચાલુ રાખે છે જેથી આ સંગઠીત ગુન્હા આચરતી ટોળકી (ગેંગ) ની બેરોકટોક ગેરકાયદેસર પ્રવૃત્તિ અંકુશમાં લેવા ગુજસીટોક હેઠળ નરેન્દ્રસિંહ ઉર્ફે નિકુસિંહ જશવંતસિંહ રાઠોડ, ભવાનસિંહ અભેસિંહ રાઠોડ, દિગવિજયસિંહ કરણસિંહ રાઠોડ અને રણજીતસિંહ રતનસિંહ રાઠોડ વિરૂધ્ધ ગુજસીટોક એકટ હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

## રાજયની ૫ કરોડ જનતાને અપીલઃ આ વખતે જાતિવાદ, પ્રાંતવાદ, ધર્મવાદ થી ઉપર ઉઠીને કામની રાજનીતીને પસંદ કરજોઃ ઈસુદાન ગઢવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




નવસારીમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની આગેવાની હેઠળ સમિક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં આમ આદમી પાર્ટી દક્ષિણ ગુજરાત ઝોન પ્રમુખ રામ ધડુક સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ બેઠક અગાઉ મીડીયા સાથે વાતચીત કરતા આમ આદમી પાર્ટી નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે નવસારી મહાનગરપાલિકાની ચુંટણી આવી રહી છે. જેને લઈને કાર્યકર્તાઓ સાથે સમિક્ષા કરવામાં આવશે.

નવસારીમાં વરસોથી ભાજપનુ શાસન છે અને લોકો સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. ભાજપના નેતાને વહિવટ કરતા આવડતુ નથી અને તમામ રૂપીયા ભ્રષ્ટાચારમાં જઈ રહ્યા છે, નેતાઓને એટલો અહંકાર છે કે પ્રજા મત આપ્યા વગર કયાં જશે ? આ અહંકાર પ્રજાને અત્યારે હેરાન કરી રહ્યો છે તો બીજી તરફ ડીમોલેશન કરવામાં આવ્યુ છે તેનો પણ સદઉપયોગ કર્યો નથી. જળશકિત મંત્રાલયના મંત્રી સી આર પાટીલના શહેરમાં જ ૪૫ દિવસે જ પાણી આવતુ હોય તો શું હાલત હોય ? કહેવાનો મતલબ એ છે કે નવસારીનો જે વિકાસ થવો જોઈએ તે થયો નથી, પ્રજા પર વારંવાર ટેક્ષ નાખે છે, મળતી માહિતી અનુસાર નવસારીમાં ચુંટણી બાદ વેરા લગભગ ડબલ કરવાના છે. નવસારીમાં રોડ રસ્તાઓ, પાણીની, ગટરની અને મોંઘવારીની અનેક સમસ્યાઓ છે. મહિલાઓને બસમાં મુસાફરી મફત મળતી નથી.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે નવસારીની જનતાને વિનંતી કરૂ છુ કે તમારી પાસે એક મજબુત વિકલ્પ આવી રહયો છે, મોકો આવી રહ્યો છે, તમે અત્યાર સુધી ભાજપની સિસ્ટમનો ભોગ પણ બન્યા હશો, દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર આવી અને ૩૦૦ યુનિટ વિજળી ફ્રી આપી તો બીજા રાજયમાં પણ ભાજપે ફ્રી વિજળી આપવી પડે, જો નવસારીમાં પણ તમે આમ આદમી પાર્ટીની મહાનગરપાલિકા બનાવશો તો વિવિધ સુવિધાઓ તો મળશે જ પરંતુ ભ્રષ્ટાચાર ફ્રી મહાનગરપાલિકા બનશે. તમારા નાણાંનો ૫ વરસમાં સદઉપયોગ કરવામાં આવશે, તમને એવી સુવિધા આપવામાં આવશે કે અત્યાર સુધી ગુજરાતવાસીઓ એ કયારે જોઈ પણ નહી હોય, પંજાબમાં ૩ વરસમાં આમ આદમી પાર્ટીની સરકારે એટલા સારા કામ કર્યા કે આજે સ્થાનિક ચુંટણીમાં ૮૭ સીટો આવી, પંજાબમાં વિજળી, પાણી ફ્રી, સ્કુલો બનાવવામાં આવી, ૪૩ હજાર કિ.મી.ના રોડ રસ્તાઓ બની રહ્યા છે. ડ્રગ્સ મુકત પંજાબ બનાવવામાં આવ્યુ, નશા કરતા યુવાનોને નોકરીઓ આપવામાં આવી છે,

એકપણ રૂપીયાની લાંચ કે પેપરલીક વગર ૫૬ હજાર સરકારી નોકરીઓ આપવામાં આવી, આમ આદમી પાર્ટીની પંજાબ ની સરકારે આ ૩ વરસમાં જે ન કરી શકાય તે કરીને બતાવ્યુ છે. એટલે જ જનતાએ આજે ૮૭ ટકા પરીણામ આપ્યુ છે. નવસારીની જનતાને વિનંતી કરૂ છુ કે આ લોકો લોભ, લાલચ, જાતિવાદ, પ્રાંતવાદ, બધુ જ નાખશે છેલ્લે હિન્દુ મુસ્લીમ નો પ્લાન પણ કરશે, પરંતુ આનાથી પર ઉઠીને કામની રાજનીતી ને પસંદ કરજો તેવી વિનંતી કરૂ છું. આ ચુંટણી માટે આમ આદમી પાર્ટીએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૧૫ દિવસમાં આમ આદમી પાર્ટી ઉમેદવારોની પસંદગી ની પ્રક્રિયા શરૂ કરશે.

## ડાંગ જિલ્લા ભાજપમાં ગાબડુ : પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવીત સહિતના કાર્યકરો ભાજપને બાય બાય કરી કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો ધમધમાટ શરૂ થાય તે પહેલા જ ડાંગ જિલ્લાના રાજકારણમાં મોટો ગરમાવો આવ્યો છે. કોંગ્રેસે ડાંગ જિલ્લા ભાજપમાં ગાબડુ પાડી પૂર્વ ધારાસભ્ય સહિત ૨૦૦ થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે.

ડાંગના સુબીર તાલુકામાં ભાજપને મોટો ફટકો પડયો છે. પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવીતની આગેવાની હેઠળ ભાજપના અનેક કાર્યકરોએ કેસરીયો છોડીને કોંગ્રેસનો હાથ પકડયો છે. સુબીર તાલુકાના અંદાજે ૧૫૦ થી વધુ ભાજપના સક્રિય અગ્રણીઓ અને કાર્યકરોએ પક્ષમાંથી રાજીનામુ આપી દીધુ છે. આ તમામ નેતાઓએ અમદાવાદ સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પહોચીને વિધીવત રીતે કોંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તેઓને આવકારી કોંગ્રેસનો ખેસ પહેરાવી આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ખભે ખભા મીલાવી પંજાના હાથ મજબુત કરવા આહવાન કર્યુ હતું. ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની આગામી ચુંટણીઓ ખુબ જ મહત્વની માનવામાં આવે છે. તેવામાં મંગળ ગાવીત જેવા કદાવર નેતાની ઘર વાપસીથી કોંગ્રેસમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના મતે આ પક્ષપલ્ટો ડાંગ ભાજપ માટે મોટો ઝટકો સાબિત થશે અને આગામી ચુંટણીના પરીણામો પર તેની સીધી અસર પડશે.

## ગુજરાતની પ્રથમ મુસ્લીમ મહિલા આઈપીએસ અધિકારીઃ અગાઉ ગોંડલના એસપી તરીકે પણ બજાવી ફરજઃ કેન્દ્ર સરકારે જમ્મુ માં તેમનુ કેડર ડેપ્યુટેશનને બે વરસ માટે લંબાવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતની પ્રથમ મુસ્લીમ મહિલા આઈપીએસ અધિકારી સારા રીઝવી બે વરસ માટે આંતર રાજય કેડર ડેપ્યુટેશન પર રહેશે, કેન્દ્ર સરકારે તેમના કેડર ડેપ્યુશેનને બે વરસ માટે લંબાવ્યુ છે. રીઝવી હાલમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ હેડ કવાર્ટરમાં ખુબ જ મહત્વપૂર્ણ પદ ધરાવે છે.

કેન્દ્ર સરકારે ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી સારા રીઝવીના આંતર રાજય ડેપ્યુટેશનને બે વરસ માટે લંબાવ્યુ છે. સારા રીઝવી ૨૦૦૮ બેચના આઈપીએસ અધિકારી છે. તેમનુ કેડર ગુજરાત છે તેઓ હાલમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ હેડ કવાર્ટરમાં ડીઆઈજી એડમીનીસ્ટ્રેશન તરીકે પોસ્ટેડ છે, મુંબઈમાં જન્મેલા સારા રીઝવીને શરૂઆતમાં અંગત કારણોસર ગુજરાત થી જમ્મુ અને કાશ્મીરમાં ઈન્ટર-કેડર ટેપ્યુટેશન પર મોકલવામાં આવી હતી, સરકારે હવે આ સમયગાળો બે વરસ માટે લંબાવ્યો છે તેમને મુળ ત્રણ વરસ માટે ડેપ્યુટેશન સોંપવામાં આવ્યુ હતું. તેઓ ઓકટોબર ૨૦૨૨ માં જમ્મુ અને કાશ્મીર ગયા.

સારા રીઝવી એક અનોખો રેકોર્ડ ધરાવે છે, તેઓ ગુજરાતની પ્રથમ મુસ્લીમ મહિલા આઈપીએસ અધિકારી છે. યુપીએસસી પરીક્ષાની તૈયારી માટે તેણીએ ઉર્દુ માધ્યમનો ઉપયોગ કર્યો હતો અને મોર્ડન એજયુકેશનલ સોશીયલ એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન તરફથી તેમનો ટેકો મળ્યો હતો. સારા રીઝવીએ મુંબઈથી ગ્રેજયુએશન પુર્ણ કર્યુ હતુ, તેઓ કોમર્સ ગ્રેજયુએટ છે. તે ચાર્ટર્ડ એકાઉન્ટ બનવા માંગતી હતી પરંતુ ડો.કે એમ આરીફ ના એક વ્યાખ્યાનથી તેણીનુ જીવન બદલાઈ ગયુ, ડો.કે એમ આરીફના વ્યાખ્યાનથી તેણી એટલી પ્રભાવિત થઈ કે તેણીએ યુપીએસસી પરીક્ષા આપવાનુ નકકી કર્યુ, તેઓ બે પ્રયાસમાં સીવીલ સર્વિસિસમાં પસંદગી પામ્યા, જમ્મુ અને કાશ્મીરમાં તૈનાત સારા રીઝવીએ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર-રીયાસી ના ડીઆઈજી તરીકે સેવા આપી હતી. તેણીએ ડીઆઈજી જમ્મુ અને ડીઆઈજી જમ્મુ આર્મ્ડ નો વધારાનો હવાલો પણ સંભાળ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરમાં અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળી ચુકેલા સારા રીઝવીએ ૨૦૦૮ માં મુનવ્વરખાન સાથે લગ્ન કર્યા, તે સમયે આરપીએફ માં તાલીમાર્થી સહાયક સુરક્ષા કમિશ્નર હતા, સારા રીઝવીએ આઈપીએસ બન્યા પછી ગુજરાતમાં સેવા આપી હતી. તેમનુ પહેલુ પોસ્ટીંગ જામનગરમાં થયુ હતુ અને બાદમાં તેમને રાજકોટના ગોંડલમાં મોકલવામાં આવ્યા હતા. આઈપીએસ અધિકારી બન્યા બાદ સારા રીઝવીએ એક ઈન્ટરવ્યુ માં કહ્યુ હતુ કે તેમને આ કામ ખુબ ગમે છે અને તેઓ કયારેય તેનાથી કંટાળતી નથી. તેઓને એક મહિલા અધિકારી હોવાનો ગર્વ છે અને તે પોલીસદળ પ્રત્યે લોકોની ધારણાઓ બદલવા માંગે છે. ગોંડલ એક સમયે ગુજરાતમાં ગેંગવોર માટે પ્રખ્યાત હતુ, આવામાં તેમને ગોંડલની એએસપી તરીકેની કમાન સોંપવામાં આવી હતી. મુંબઈમાં જન્મેલા અને ઉછરેલા સારા રીઝવીના પિતા અફઝલ અહેમદ વિજ્ઞાન સ્નાતક છે, તેમના માતા નિગાર રીઝવી અલીગઢ મુસ્લીમ યુનિર્વસિટીની ભુતપૂર્વ વિદ્યાર્થી છે. સારા રીઝવીના ભાઈ સીવીલ એન્જીનીયર છે અને તેની બહેન સમીરા કોમ્પ્યુટર સ્નાતક છે. તેઓ દુબઈમાં રહે છે.

## ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ની એસ ટી બસમાં જ હવે મુસાફરોને જરૂરીયાત મુજબનુ જમવાનુ મળી જશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) એકસપ્રેસ બસોમાં મુસાફરો માટે ઓન ડીમાન્ડ પેકેટ ફુડ ઓન બસ નામની નવી સેવા શરૂ કરશે. નિગમે આ સુવિધા પુરી પાડવા એજન્સીઓની નિમણુંક કરવાની જાહેરાત કરી છે. મુખ્ય હેતુ મુસાફરોને મુસાફરી દરમિયાન ઉચ્ચ ગુણવત્તાનુ ભોજન આપી સુવિધા વધારવાનો છે.

આ પહેલ રેલ્વે ની જેમ ચાલુ બસે ફુડ ઉપલબ્ધ કરાવી નિગમની પ્રતિષ્ઠા વધારશે અને બસની આવકમાં પણ વૃધ્ધિ કરશે. આ પ્રોજેકટ હાલ પ્રાયોગીક ધોરણે અમલમાં છે. એજન્સીઓની નિમણુંક માટે એકસપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) દ્વારા ટેન્ડર પ્રસિધ્ધ કરાયુ છે. પ્રારંભિક તબકકામાં ફકત અમદાવાદ શહેર માટે જ વિવિધ એજન્સીઓ પાસેથી ઓનલાઈન ભાવ મંગાવાયા છે. આ સેવા પાલડી, સીટીએમ, કૃષ્ણનગર, નરોડા પાટીયા, નહેરૂનગર, રાણીપ, નારોલ ક્રોસ રોડ, સરખેજ, ઓઢવ ક્રોસ રોડ, અડાલજ અને જશોદાનગર જેવા અમદાવાદના મુખ્ય પીકઅપ સ્ટેન્ડ પર મળશે.

મુસાફરો ઓપીઆરએસ (ઓનલાઈન પેસેન્જર રીઝર્વેશન સિસ્ટમ) પર બસ ટીકીટ સાથે જ ફુડ ઓડર અગાઉથી જ બુક કરી શકશે. મુસાફરી શરૂ થયા બાદ નિર્ધારીત સ્થળે પહોચવાના ૩ કલાક પહેલા ફુડ ઓર્ડર આપવો ફરજીયાત છે. એડવાન્સમાં કે મુસાફરી દરમિયાન પણ ઓનલાઈન બુકીંગ થઈ શકશે.

એજન્સીઓ બસમાં તમાકુ , બીડી, ગુટકા, નોનવેજ કે પ્રતિબંધિત ખાદ્ય પદાર્થો પીરસી શકશે નહી, અનિયમિતતા કે સમયસર સપ્લાય ન કરવાના કિસ્સામાં એજન્સીને ૫ હજાર થી ૧૦ હજાર સુધીનો દંડ ફટકારાશે.

## સાબરકાંઠા કલેકટર લલિત નારાયણ સિંધ સાંદુના હસ્તે વીજ બચત જાગૃતિ રથનુ પ્રસ્થાન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ વર્તુળ કચેરી હિંમતનગર ખાતેથી કલેકટર લલિત નારાયણ સિંધ સાંદુના હસ્તે વીજ બચત જાગૃતિ રથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું. ડીસેમ્બર માસને વીજ બચત માસ તરીકે ઉજવણીના ભાગરૂપે આ રથ દ્વારા ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધી હિંમતનગર, તલોદ તથા મોડાસા તાલુકાના વિવિધ ગામોમાં ફરીને જનતાને વીજ બચતનુ મહત્વ, સોલર રૂફટોપ યોજનાનો લાભ, વીજ સલામતી અંગે જરૂરી તકેદારી સાથે વિવિધ માહિતી અને માર્ગદર્શન આપશે. આ થકી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વીજ બચત અને સલામતી અંગે સકારાત્મક જાગૃતિ ફેલાશે તથા લોકોમાં ઉર્જા સંરક્ષણ અંગે જાગૃતતા વધશે આ કાર્યક્રમમાં અધિક્ષક ઈજનેર વી એસ કટારા, કાર્યપાલક ઈજનેર આર ડી વરસાત, હિંમતનગર વર્તુળ કચેરીના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## શેર માર્કેટનો બિઝનેસ કરતા યુવકને ૫ કરોડની લોન આપવાનું કહી ૯.૯૩ લાખ પડાવી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)તાપી

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના માલીવાડ ગામે રહેતો રાહુલ જયવંતભાઈ વાનખેડે શેર માર્કેટમાં ટ્રેડિંગનું બિઝનેસ કરે છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, એક વર્ષ પહેલા શેર માર્કેટમાં નુકસાની થતા મારે પૈસાની જરૂર પડી હતી. જેથી હું લોન લેવા માટે બેક્રમાં ફરતો હતો તે વખતે મારા મિત્ર રાકેશ દેસાઈ (રહે-નવસારી)એ રાજેશભાઈ અભયસિંહ ચાવડા (રહે.લાડુબા નગર મહેશ કોમ્પલેક્ષ પાસે વાઘોડિયા રોડ )અને તેમના ભાગીદાર નયનાબેન મનહરસિંહ મહિડા (રહે-દીપ દર્શન સોસાયટી ઓલ્ડ પાદરા રોડ) સાથે સંપર્ક કરાવ્યો હતો. તારીખ ૨-૭-૨૦૨૪ ના રોજ હું રાજેશભાઈને વિશ્વાસ નથી ટાંક ખાતે આવેલ સહયોગ ફાઈનાન્સ નામની ઓફિસે ગયો હતો અને પાંચ કરોડની લોનની વાત કરી હતી. મેં તેઓને ૪.૨૩ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા પરંતુ તેમનાથી લોન નહીં થતાં તેઓએ મને શિવકુમાર રાજારામ રાઠોડ (રહે-અમદાવાદ) સાથે મુલાકાત કરાવી હતી.